પૂર્વભૂમિકા

# અયોધ્યાથી વિદાય



બસ, ઘાસનાં થોડાં તણખલાં! સીતા ધરતીના પેટાળમાં સમાઈ ગઈ પછી એટલા જ અવશેષો બચ્યા હતા. એ પછી ધરતી પર એમનાં ડગ કદી મંડાયાં નહીં. અયોધ્યાવાસીઓએ જોયું કે રામ ક્યાંય સુધી ઘાસ પર હાથ પસવારતા રહ્યા, અવિચલ. આંખમાં આંસુનું એક ટીપું પણ નહીં. લોકોનું મન હતું કે રાજાને ભેટીને સાંત્વના આપે. એમના હૃદયને ઠેસ પહોંચાડવા બદલ એમનાં ચરણોમાં પડીને ક્ષમા માગે, પણ એમને એ પણ ખ્યાલ હતો કે રામ તો પોતાની પ્રજાને પોતાનાં સંતાન સમાન ગણતા હતા. પ્રજાને એ ન તો દોષી માનતા હતા કે ન તો એમના માટે કોઈ દ્વેષભાવ રાખતા હતા. એ તો રઘુકુળનરેશ હતા : અયોધ્યાના રાજા, સીતાના રામ. 'ચાલો, ઘેર જવાનો સમય થઈ ગયો છે!' લવ અને કુશના ખભે હાથ મૂકીને રામ બોલ્યા, 'ઘેર?' આ વન જ એમનું ઘર નહોતું? બંને કુમાર અત્યાર સુધી આ વનમાં જ તો રહ્યા હતા, પણ એ અજાણ્યા પુરુષ સાથે એમણે દલીલ ન કરી. એ તો એક રાજા હતો. ઉપરાંત, જેને અત્યાર સુધી તેઓ પોતાનો શત્રુ માનતા હતા એ તો એમનો પિતા હતો. અને માએ છેલ્લે-છેલ્લે બંને કુમારોને સ્પષ્ટ સૂચના આપી હતી : તમારા પિતાની આજ્ઞાનું પાલન કરજો. એનું ઉલ્લંઘન કરવાનો પ્રશ્ન જ નહોતો. રઘુવંશની એ પરંપરા નહોતી. રાજા અને એમના બે કુમારોને લઈને હાથી નગરના દ્વારમાં પ્રવેશ્યો. એ સમયે હનુમાનજીએ જોયું કે યમરાજ ઝાડની પાછળ સંતાઈને રામની સામે જોઈ રહ્યા હતા. હનુમાનજીએ પોતાનું પૂંછડું પછાડ્યું : રાજા અને એમના પરિવારની સમીપ ન આવવાની એ ચેતવણી હતી. ડરી ગયેલા યમરાજ અયોધ્યાથી દૂર જ રહ્યા, પણ લક્ષ્મણ યમથી દૂર ન રહ્યા : થોડા જ દિવસો પછી એ અકથ્ય કારણસર નગર છોડીને વનમાં ચાલ્યા ગયા અને પોતાનું મસ્તક વાઢીને પ્રાણ ત્યજી દીધા. હનુમાન આ સમજી ન શક્યા. એમનું સમસ્ત વિશ્વ જાણે ધ્વસ્ત થઈ ગયું હતું. પહેલાં સીતા અને પછી લક્ષ્મણ. હવે કોનો વારો હતો? રામનો? એ તો કોઈ કાળે ન થવા દેવાય. હું થવા દઉં જ નહીં ને! એ તો અયોધ્યાના દરવાજા પાસે જ બેસી ગયા. ન કોઈ પ્રવેશી શકે કે ન કોઈ બહાર જઈ શકે. થોડા દિવસો પછી રામની વીંટી પડી ગઈ. આંગળીમાંથી સરકીને મહેલની ફર્શની તિરાડમાં ફસાઈ ગઈ. 'હનુમાન, મને એ લાવી આપશો?' રામે વિનંતી કરી. સ્વામીની સેવામાં સદા તત્પર રહેનારા હનુમાન તો મધમાખી જેવડું સૂક્ષ્મ રૂપ ધરીને ફર્શમાં ઘૂસી ગયા. અંદર ઘૂસીને એ તો આભા જ બની ગયા! એ તિરાડ કોઈ સામાન્ય તિરાડ નહોતી. એ તો એક વિશાળ ગુફા હતી અને પૃથ્વીના પેટાળમાં જતી હતી. એમાં

આગળ ને આગળ જતા હનુમાન છેક નાગલોકમાં પહોંચી ગયા. જેવા એ અંદર પ્રવેશ્યા કે તરત બે નાગ એમના પગે વીંટળાઈ ગયા. એમણે નાગને દૂર કર્યા તો એ વળી બીજા બે વધારે નાગને લઈને પાછા આવ્યા. હનુમાને એમને પણ હટાવ્યા, પણ થોડી વારમાં તો એમને હજારો નાગ વીંટળાઈ વળ્યા અને એમનો રસ્તો રોકી લીધો. હનુમાને પ્રતિકાર કરવાનું બંધ કર્યું. નાગ એમને પોતાના રાજા વાસુકિ સમક્ષ લઈ ગયા. એની સાત ફણા હતી અને મસ્તક પર મણિ શોભી રહ્યો હતો. 'નાગલોકમાં કેમ આવવું પડ્યું?' વાસુકિએ ફૂંફાડો માર્યો. 'એક વીંટી શોધતો શોધતો આવ્યો છું.' 'ઓ હો! એમ વાત છે! મને એક પ્રશ્નનો ઉત્તર આપો તો વીંટી ક્યાં મળશે એ કહું.' 'પૂછો.' હનુમાન બોલ્યા. 'પૃથ્વી પરનાં તમામ વૃક્ષોનાં મૂળિયાં એક જ નામ જપે છે, સીતા. એ વળી કોણ છે? તમે જાણો છો?' 'હું જેમની વીંટી શોધતો-શોધતો અહીં આવ્યો છું એમની પ્રિયા.' 'તો અમને સીતાની અને એમના પ્રિયતમની વાત કહો તો હું તમને વીંટીની એંધાણી આપીશ.' 'સીતામાતા અને એમના રામની કથા કહેવાથી વધારે આનંદની વાત મારે માટે કોઈ હોઈ જ ન શકે. હું તમને જે કહી સંભળાવીશ એમાંનું ઘણું બધું મેં સ્વયં જોયેલું અને અનુભવેલું છે. કેટલોક ભાગ મેં અન્યો પાસેથી સાંભળેલો છે. આ કથા સંપૂર્ણ સત્ય છે. અન્યથા બધું તો કોણ જાણી શક્યું છે? વરુણદેવને સહસ્ર નેત્રો છે, ઇંદ્રને સો નેત્રો છે જ્યારે મારે તો બે જ છે.' નાગલોકના સર્વે નાગ હનુમાનની આજુબાજુ ભેગા થઈ ગયા. એ બધા એમની કથા સાંભળવા ઉત્સુક હતા.

નાગલોકમાં નથી ચંદ્ર કે સૂરજ અને નથી અગ્નિ. જે પ્રકાશ આવે છે તે વાસુકિની સાત ફેણ પરના સાત મણિમાંથી આવે છે, પણ એટલો પ્રકાશ પૂરતો હતો.

- સીતા વનસ્પતિ સાથે અને ખાસ કરીને ઘાસ સાથે જોડાયેલી છે.
- કુશનું ઘાસ લાંબું અને તીક્ષ્ણ હોય છે. વૈદિક વિધિઓનો એ અગત્યનો ભાગ છે. યજ્ઞ કરતી વખતે એના આસન ઉપર બેસવામાં આવે છે. એ જ ઘાસમાંથી બનેલ દોરી આંગળી ઉપર બાંધવામાં આવે છે. હવનનો અગ્નિ પણ એ જ ઘાસની બનેલી મશાલથી પ્રગટાવવામાં આવે છે. યજ્ઞની વેદીની આસપાસ સફાઈ કરવા માટે એ જ ઘાસની સાવરણીનો ઉપયોગ થાય છે. પુરાણોના કહેવા પ્રમાણે એનો સંબંધ બ્રહ્માના, વિષ્ણુના અને સીતાના વાળ સાથે છે.
- રામ રઘુકુળના વંશજ છે. એથી એ રાઘવ અથવા તો રઘુઓના રાજા એટલે કે રાઘવેન્દ્ર કહેવાય છે. રામના પ્રપ્રપિતામહ રઘુ સૂર્યવંશી હતા. એ નીતિમત્તા માટે પ્રખ્યાત એવા ઇક્ષ્વાકુ કુળના હતા.
- યમ કોઈ ભાવનાનાં બંધનોમાં નથી બંધાતા. પૃથ્વી પર જીવની આવરદા પૂરી થાય ત્યારે એના પ્રાણ હરતી વખતે એમની દૃષ્ટિમાં રાજા અને રંક એક સમાન છે. લોકો માને છે કે એમને હનુમાન સિવાય કોઈનો ભય લાગતો નથી.

- હનુમાન વાનર છે અને વાનર એ માનવમનની ચંચળતાનું પ્રતીક છે. હનુમાન સંકટમોચન ગણાયા છે. સ્વયં મૃત્યુ એમનાથી ડરે છે. એટલે હિંદુ પરંપરામાં એ રક્ષક દેવ મનાય છે.
- એક રીતે જોઈએ તો હિંદુઓએ જગતને ત્રણ સ્તરમાં કલ્પ્યું છે : આકાશ અથવા સ્વર્ગલોક, જ્યાં દેવો, ગંધર્વો અને અપ્સરાઓનો વાસ છે; પાતાળલોક કે જ્યાં નાગલોકો અને અસુરોનો વાસ છે અને પૃથ્વી, એટલે કે ભૂલોક, જ્યાં મનુષ્યો, યક્ષો અને રાક્ષસો વસે છે.
- નાગલોકો ફેણધારી જીવો છે, જે ઇચ્છે ત્યારે મનુષ્યનું રૂપ લઈ શકે છે. એમની ફેણ ઉપર મણિ હોય છે, જેનામાં જાદુઈ શક્તિ હોય છે. એ મણિ ઇચ્છા પૂરી કરી શકે છે, મૃત મનુષ્યને પુનર્જીવિત કરી શકે છે, માંદા માણસને સાજો કરી શકે છે અને સમૃદ્ધિ પણ આપી શકે છે.
- પરંપરાગત રીતે રામાયણની કથા ધાર્મિક વિધિ સાથે જોડાયેલી છે, જેમ કે ભવભૂતિએ આઠમી શતાબ્દીમાં લખેલ નાટક 'મહાવીર-ચરિત્ર' શિવરાત્રિ ઉપર ભજવાય છે.
- હનુમાન રામની કથા કહે એ કલ્પના લોકપ્રિય છે. એ હનુમાન નાટક તરીકે પણ ઓળખાય છે.
- હનુમાન બ્રહ્મચારી છે અને કેટલાક ભક્તો એમને સ્વયં શિવ, શિવનું સ્વરૂપ અથવા તો શિવના પુત્ર માને છે. નાગ ફળદ્રુપતા સાથે સંકળાયેલા છે અને એથી જ દેવી સાથે એમનો ગાઢ સંબંધ છે.
- પાશ્ચાત્ય વિવેચકો રામાયણને ઐતિહાસિક અને ભૌગોલિક માપદંડો વડે મૂલવે છે : એને કોણે લખ્યું હતું? ક્યારે રચ્યું હતું? ક્યાં લખ્યું હતું? જ્યારે ભારતીય પરંપરામાં રામાયણ સ્થળ-કાળના સીમાડાથી પર છે. અભ્યાસુઓ માટે રામાયણ સ્થળ અને કાળનાં માળખામાં પુરાયેલા છે, જ્યારે ભક્તો માટે તો રામ શ્રદ્ધાનો વિષય છે અને શાશ્વત છે. જોકે રાજકારણીઓ એમનામાં પણ પોતાનો મતલબ જુએ છે.

# જન્મ

એ ધરતીની કૂખે જન્મી અને ઋષિઓની વચ્ચે ઊછરી



# ખેતરના ચાસમાંથી જડી આવેલી બાળકી

વાવણીની ઋતુની શરૂઆત હતી. ખેતરોની ફરતે વાડ હતી. એની પેલી બાજુ જંગલમાં પ્રાણીઓનું રાજ હતું અને આ બાજુ ખેડૂતો કામે લાગ્યા હતા. પાકની વચ્ચે ઊગેલું નીંદામણ દૂર કરવું જરૂરી હતું. પહેલો ચાસ ખેડવા માટે ખેડૂતોએ જનક રાજાને આમંત્ર્યા હતા.

એમને માટે ખાસ સોનાનું હળ સજાવવામાં આવ્યું હતું. ઘંટારવ ચાલુ હતો, શંખનાદ પણ થઈ રહ્યો હતો અને નગારા પર દાંડીઓ પીટાઈ રહી હતી. પાણીથી છલકાતાં વાદળ જેવી શ્યામલ ભીની ધરતીમાં હળ ચાસ પાડી રહ્યું હતું. રાજા પ્રસન્ન હતા અને ખેડૂતોનો ઉત્સાહ તો જાણે સમાતો નહોતો.

અચાનક રાજા અટકી ગયા. ચાસમાંથી એક સોનલવર્ણો હાથ બહાર દેખાયો. સૂરજનાં કિરણો સાથે રમવા ઘાસની કૂંપળો ફૂટતી હોય એવી એની કોમળ આંગળીઓ હતી. જનક રાજાએ હળવેથી માટી દૂર કરીને જોયું તો અંદર એક દેદીપ્યમાન અને તંદુરસ્ત એવી એક બાલિકા હતી. એ ખિલખિલાટ હસી રહી હતી જાણે રાજાના આગમનની રાહ જોઈ ના રહી હોય!

એ બાલિકાને કોઈએ તરછોડી દીધી હશે? રાજા વિચારમાં પડ્યા. 'ના ના, મહારાજ!' ખેડૂતો બોલી ઊઠ્યા. એમને તો વિશ્વાસ હતો કે આ તો ધરતીમાતાએ નિઃસંતાન રાજાને આપેલ વરદાન છે, પણ રાજા હજી અસમંજસમાં હતા : આ મારું બીજ તો નથી. એ મારી કેવી રીતે હોઈ શકે? પિતૃત્વ તો હૃદયની લાગણીનું પરિણામ હોય. એ આમ ખેતરમાં ઊગતું હશે?



રાજાએ બાલિકાને તેડી લીધી. એ તો રાજાના હાથમાં નિશ્ચિંત થઈને કિલકારીઓ કરી રહી હતી. રાજાએ એને છાતી સરસી ચાંપીને કહ્યું, 'આ ભૂમિજા છે, ધરતીની પુત્રી. એ મિથિલાની રાજકુમારી છે એટલે તમે એને મૈથિલી પણ કહી

શકો છો અથવા તો જનકની પુત્રી એટલે કે જાનકી કે પછી વિદેહની નારી વૈદેહી. હું તો એને સીતાના નામથી બોલાવીશ, કારણ કે એ ખેતરના ચાસમાંથી પ્રાપ્ત થઈ છે. એણે મને પિતા તરીકે પસંદ કર્યો છે.'

બધાંનાં હૃદયમાં હર્ષોલ્લાસ હતો. વિધિને સાચે જ આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. એમનો નિઃસંતાન રાજા એક પિતા બનીને પાછો આવ્યો હતો. આથી સારું ફળ બીજું કયું હોઈ શકે?

- વિદેહ આજના બિહારમાં મિથિલા પાસે આવેલું છે, જેના પરથી ફલિત થાય છે કે વાર્તાનાં બીજ ગંગાનાં મેદાની પ્રદેશમાં વવાયાં હશે.
- વેદની ઋચાઓમાં પશુપાલન અને કૃષિસંબંધી પ્રવૃત્તિઓનો ઉલ્લેખ છે. ખેતર ખેડવાની ક્રિયા વાજપેય યજ્ઞ સાથે જોડાયેલી હતી. સંસ્કૃતમાં વાજ એટલે અન્ન.
- ચાસ કુદરતી ન હોય, માનવસર્જિત જ હોય. એ કૃષિનું, એટલે કે માનવ સંસ્કૃતિના ઉગમનું પ્રતીક છે. એટલે સંસ્કૃતિના પ્રારંભે મનુષ્યે પ્રકૃતિને વશ કરી તેનું પ્રતીક એટલે સીતા.
- વેદમાં સીતાનો ઉલ્લેખ ફળદ્રુપતાની દેવી તરીકે જોવા મળે છે.
- જનક એ કુળનું નામ હોય એવું જણાય છે. જનકકુળનો આદિપુરુષ નિમિ હતો. એનો પુત્ર હતો મિથિ, જેણે મિથિલા નગરી વસાવી હતી.
- મહાભારતના રામોપાખ્યાનમાં સીતાનો ઉલ્લેખ જનકની ઔરસ પુત્રી તરીકે કરવામાં આવ્યો છે. તો કેટલીક પ્રાદેશિક ભાષાની વાર્તાઓમાં આવતાં વર્ણનો મુજબ સીતા ખેતર ખેડતી વખતે પેટીમાં મળી આવી હોય છે તો વળી કોઈ વાર્તા એવું કહે છે કે ભૂદેવી એટલે કે ધરતીમાતા પ્રગટ થઈને જનકરાજાને સીતાની ભેટ આપે છે. તો વળી જૈન ગ્રંથ 'વાસુદેવહિન્દી' અને કાશ્મીરી 'રામાવતારચરિત'માં તો એમ પણ કહેવાયું છે કે સીતા રાવણની પુત્રી છે, જેને સમુદ્રમાં પધરાવી દેવામાં આવી છે, જેને ધરતી દ્વારા જનકને સોંપવામાં આવી છે.
- 'આનંદરામાયણ'માં વર્ણન છે એ મુજબ પદ્માક્ષ નામના રાજાને ભગવાન વિષ્ણુ એક ફળ આપે છે, જેની અંદર એક બાળકી હોય છે જે લક્ષ્મીનો અવતાર છે. એનું નામ પદ્માવતી રાખવામાં આવે છે. આ પદ્માવતી એ જ સીતા.
- સીતા એની માતાની કૂખેથી અવતરી નથી અને એટલે એ અયોનિજા કહેવાય છે. આવી રીતે જન્મેલાં બાળકો વિશિષ્ટ ગણાય છે, મૃત્યુ એમને આંબી શકતું નથી.
- તાર્કિક વિચાર કરનારાઓ એમ કહેશે કે સીતા કોઈએ તરછોડી દીધેલી બાળકી હશે, જેનો ઉછેર જનક રાજાએ કર્યો હશે.
- એમ કહેવાય છે કે હાલ બિહારનું સીતામઢી એ જગ્યા છે, જ્યાં સીતા મળી આવી હતી.

# શાંતા નામની પુત્રી

કોશલ દેશની અયોધ્યા નગરીના રાજા દશરથને એક પુત્રી પણ હતી. એનું નામ હતું શાંતા, પણ એના નામ પ્રમાણેની શાંતિ એ દશરથને આપી શકી નહોતી : રાજાને તો પુત્ર જોઈતો હતો.


એટલે દશરથ ઉત્તર દિશામાં આવેલા કૈકેય દેશના રાજા અશ્વપતિ પાસે ગયો અને એની પુત્રીનો હાથ માગ્યો. ભવિષ્યવાણી એવી હતી કે એ એક પ્રતાપી પુત્રને જન્મ આપશે. અશ્વપતિએ કહ્યું, ‘તમારી એક પત્ની કૌશલ્યા તો છે જ અને એનાથી તમારે એક પુત્રી પણ છે. જો મારી પુત્રી કૈકેયી તમારી સાથે લગ્ન કરે તો એનું કોઈ મહત્ત્વ ના રહે.’

‘પણ જો એનાથી મને પુત્ર પ્રાપ્ત થશે તો એ જ રાજા બનશે અને કૈકેયી રાણીમાતા બનશે.’ દશરથે અશ્વપતિને મનાવવા માટે કહ્યું. એટલે પછી અશ્વપતિએ લગ્ન માટે સંમતિ આપી.

જોકે કૈકેયીને પણ કોઈ સંતાન ન થયું. એટલે દશરથે સુમિત્રા નામની સ્ત્રી સાથે ત્રીજું લગ્ન કર્યું, પણ એનેય કોઈ સંતાન ન થયું.

દશરથના ઉદ્વેગનો પાર ન રહ્યો. રાજ્યનો ઉત્તરાધિકારી કોણ બનશે? અને એથી પણ વધારે ચિંતા વૈતરણીને પેલે પાર ગયા પછી પૂર્વજોને શું ઉત્તર આપવો એની હતી. દશરથને પુત્ર ન હોય તો એના પૂર્વજોનો પુનર્જન્મ ન થઈ શકે.

એ સમયે અંગનો રાજા રોમપાદ દશરથને મળવા આવ્યો. ‘ઇંદ્રના કોપને કારણે મારું રાજ્ય અનાવૃષ્ટિનો સામનો કરી રહ્યું છે. મારા રાજ્યમાં ઋષ્યશૃંગ નામનો તપસ્વી રહે છે. એણે તપસ્યા દ્વારા વરસાદને બાંધી રાખ્યો છે. મારા રાજ્યમાં પડેલો દુકાળ વિભંડકના એ પુત્રને કારણે જ છે અને તમારે સંતાન પણ એ જ કારણે નથી થતું. મારે પુત્રી હોય અને એ ઋષ્યશૃંગની તપસ્યાનો ભંગ કરી શકે તો જ આ સમસ્યાનું સમાધાન થાય, પણ મારે કોઈ પુત્રી નથી. એટલે હે દશરથ, હું તમારી પુત્રીને ગોદ લેવા માગું છું. જો એ ઋષ્યશૃંગને મોહિત કરશે, તો ઇંદ્ર મારા દેશમાં વૃષ્ટિ કરશે અને ઋષ્યશૃંગ ઇંદ્રને કહીને તમને પુત્રો પણ અપાવશે.



અત્યાર સુધી જે પુત્રી દશરથ માટે અશાંતિનું કારણ હતી, તે જ પુત્રી એની સમસ્યાનું સમાધાન બની ગઈ.

- શાંતાની વાર્તા મહાભારતમાં અને પુરાણોમાં વિગતે આપેલી છે. વાલ્મીકિ રામાયણની દક્ષિણ ભારતીય હસ્તપ્રતો અને અન્ય કેટલાંક કથનોમાં જણાવ્યા અનુસાર શાંતા દશરથની પુત્રી છે જેને રોમપાદ દત્તક લે છે, જ્યારે કેટલાંક કથન એમ કહે છે કે એ રોમપાદની જ પુત્રી છે અને દશરથ સાથે એનો કોઈ સંબંધ નથી. એની માતા કૌશલ્યા છે કે નહીં એ વિશે કોઈ સ્પષ્ટતા જોવા મળતી નથી.
- ઉપેન્દ્ર ભંજાની ઓડિયા કૃતિ ‘બૈદેહી બિલાસ’માં વર્ણન છે કે જારતા અને અન્ય વારાંગનાઓ ઋષ્યશૃંગને ચલિત કરે છે અને એને એક નૌકા ઉપર લઈ આવે છે. એ પછી એની પાસે યજ્ઞ કરાવવામાં આવે છે, જેનાથી અંગ દેશમાં વરસાદ પડે છે. એથી પ્રભાવિત થઈને દશરથ એને પોતાની પુત્રી આપવાનું વચન આપીને પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવવા માટે અયોધ્યા લઈ જાય છે. આ વાર્તા દર્શાવે છે કે એ સમયના ઓડિશાનાં મંદિરો ખાસ કરીને પુરીના જગન્નાથ મંદિરમાં વારાંગનાઓ અને શૃંગારરસ પ્રત્યે સૂગ નહોતી. તુલસીદાસે અવધિ ભાષામાં રચેલ ‘રામચરિત-માનસ’ ભક્તિરસ પ્રધાન છે અને એમાં ઋષ્યશૃંગનો કોઈ ઉલ્લેખ નથી. સંસ્કૃત રચના ‘અધ્યાત્મ રામાયણ’ અધિભૌતિક તત્ત્વો ઉપર કેન્દ્રિત છે. એમાં ઋષ્યશૃંગનું પાત્ર તો છે, પણ એને ચલિત કરવાના પ્રયત્નોનો ઉલ્લેખ નથી.
- પુરુષપ્રધાન સમાજમાં, જ્યારે દંપતી નિઃસંતાન હોય તો એને માટે પહેલાં તો સ્ત્રીને જ દોષી માનવામાં આવે છે. શક્ય હોય ત્યાં સુધી પુરુષને તો કોઈ પૂછતું નથી.
- હિંદુ પૌરાણિક કથાઓમાં ધરતીની ફળદ્રુપતા અને પ્રજાની અને ખાસ તો રાજાની ફળદ્રુપતાને એકબીજા સાથે સાંકળવામાં આવે છે. એ રીતે આ વાર્તામાં પણ અનાવૃષ્ટિ અને રાજાનું નિઃસંતાન હોવું એ બંનેને એકબીજા સાથે સંબંધિત છે એવું વર્ણન છે.
- આ વાર્તા દ્વારા દુષ્કાળ અને સંન્યાસી જીવન વચ્ચેનો સંબંધ સ્પષ્ટ થાય છે. બ્રહ્મચર્ય વરસાદને પણ બાંધી દે છે. એથી જ સંન્યાસનો વધતો પ્રભાવ સમાજને અસ્વીકાર્ય છે. શિવ જેવા સંન્યાસીને પણ પાર્વતી ગૃહસ્થ બનાવે છે, જેથી હિમાલયનું હિમ પીગળે અને ગંગા નદી સર્જાય, જેના કાંઠે માનવ સંસ્કૃતિનો વિકાસ થાય.

## ઋષ્યશૃંગનું અપહરણ

વિભંડક એક ઋષિ હતા. એ જાણતા હતા કે અન્નનું પાચન થાય એટલે એમાંથી રક્ત, માંસ, ચેતાઓ, અસ્થિ, મજ્જા બને છે અને છેવટે વીર્ય બને છે. વીર્યપાત થાય એટલે નવા જીવનનો ઉદ્‌ભવ થાય છે. મનુષ્ય અને એમાંય પુરુષ સિવાય અન્ય કોઈ પ્રાણી પોતાનાં બીજનો પ્રપાત રોકવાને સમર્થ નથી.

વીર્યની રક્ષા કરવાથી ઓજસ વધે છે. તપસ્યા વડે આ ઓજસ તપમાં રૂપાંતર પામે છે. તપ એ મનનો અગ્નિ છે, જે ધ્યાન અને સમાધિ વડે ઉત્પન્ન થાય છે. તપ દ્વારા સિદ્ધ બનાય છે. જે પ્રકૃતિને વશ કરવાની

શક્તિ આપે છે : એ શક્તિ, જે વૃષ્ટિ લાવે છે, વંધ્ય સ્ત્રીને માતૃત્વ અપાવી શકે છે, નિર્વીર્ય પુરુષને વીર્યવાન બનાવે છે તથા પાણી પર ચાલવાની અને પાંખ વિના ઊડવાની સિદ્ધિ અપાવે છે. વિભંડક તપસ્યા કરવા માટે કૃતનિશ્ચય હતો. એને તપ દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરવી હતી, પ્રકૃતિને વશમાં લઈ અને એની પાસે પોતાનું ધાર્યું કરાવવું હતું.

ઇંદ્રને ભીતિ હતી કે વિભંડક એની સિદ્ધિનો ઉપયોગ પોતાની સામે કરશે, એટલે એણે વિભંડકને મોહિત કરવા, તપના માર્ગેથી ચલિત કરવા એક અપ્સરા મોકલી. એ અપ્સરા ઉપર માત્ર એક દૃષ્ટિ પડી ત્યાં તો વિભંડકે પોતાની ઇંદ્રિયો પરથી કાબૂ ગુમાવી દીધો. એની ઇચ્છા વિરુદ્ધ એના શરીરમાંથી વીર્ય સરી ગયું અને આસપાસના ઘાસ ઉપર પડ્યું. એક હરણીએ એ ઘાસ ખાધું. વીર્યમાં એટલી શક્તિ હતી કે એનાથી પેલી હરણીને ગર્ભ રહી ગયો. એણે એક માનવ બાળકને જન્મ આપ્યો જેને માથે હરણ જેવાં શિંગડાં હતાં અને એટલે એ બાળક ઋષ્યશૃંગના નામે ઓળખાયો. ક્રોધથી સળગી રહેલા વિભંડકે પોતાની નિષ્ફળતાના પ્રતીક એવા ઋષ્યશૃંગનો ઉછેર પોતાની મહત્ત્વાકાંક્ષાને પોષવા માટે કર્યો. પુત્ર ઉપર સ્ત્રી માત્રની છાયા પણ ન પડે એનું એણે ધ્યાન રાખ્યું. પોતાના આશ્રમની આસપાસ એણે એક રેખા દોરી જેને ઓળંગીને કોઈ સ્ત્રીની જાત અંદર પ્રવેશી ન શકે, પછી એ ગાય હોય, ઘોડી હોય, હરણી હોય કે બકરી. ત્યાં ન તો ફૂલો ઊગતાં કે ના સુગંધ આવતી. બસ, એક શુષ્ક ભૂમિ હતી. આશ્રમની રેખા ઓળંગીને અંદર પ્રવેશવાની ચેષ્ટા માત્ર કરવાથી સ્ત્રી બળીને ભસ્મ થઈ જતી. અને એટલે જ ઇંદ્ર ઋષ્યશૃંગને ચલિત કરવા માટે અપ્સરા ન મોકલી શક્યો.

આથી કોપાયમાન થયેલા ઇંદ્રે જે ભૂમિ પર વિભંડકનો આશ્રમ આવેલો હતો એ અંગદેશની સીમાથી દૂર રહેવાનો નિર્ધાર કર્યો : જ્યાં સુધી અંગનરેશ આ સમસ્યાનું સમાધાન નહીં કરે ત્યાં સુધી રાજ્યમાં વૃષ્ટિ નહીં થાય. રોમપાદે પોતાના રાજ્યની સ્ત્રીઓને વિનંતી કરી, પણ પોતાની પત્ની, બહેન કે પુત્રીની આહુતિ આપવા કોઈ પુરુષ તૈયાર નહોતો. રાજાની પોતાની રાણીઓ, ઉપપત્નીઓ કે દરબારની વારાંગનાઓ પણ મદદ કરવા તૈયાર ન થઈ. છેવટે રોમપાદે શાંતાની સહાય લેવાનો પ્રયત્ન કર્યો. શાંતા પોતાના સૌંદર્યની સાથોસાથ બુદ્ધિ અને શૌર્ય માટે પણ પ્રખ્યાત હતી.

વિભંડક કંદમૂળ અને ફળફળાદિ લેવા આશ્રમની બહાર જાય ત્યાં સુધી શાંતાએ પ્રતીક્ષા કરી. અને પછી તરત જ આશ્રમની સમીપ જઈને શૃંગારપ્રચૂર ગીતો આલાપ્યાં, જે સાંભળીને ઋષ્યશૃંગ આશ્રમની બહાર ખેંચાઈ આવ્યો. એ યુવાન અને નિર્દોષ તપસ્વીએ કદાપિ સ્ત્રીમાત્રની છાયા પણ જોઈ નહોતી, એટલે આ નવતર પ્રાણીને જોઈને એ તો વિચારમાં પડી ગયો. પહેલાં તો એ ભય પામ્યો પણ પછી એને ગીતો સાંભળવાનું ગમ્યું. છેવટે એણે શાંતા સાથે વાત કરવાનું સાહસ કર્યું.

'હું એક સ્ત્રી છું; મનુષ્ય ખરી, પણ જરા ભિન્ન છું. તું તારા શરીરની બહાર જીવન સર્જી શકે છે, પણ હું મારા શરીરની અંદર જીવને પોષી શકું છું.' ઋષ્યશૃંગને સમજાયું નહીં. 'તું આ રેખાની બહાર આવ તો

તને સમજાવું.' ઋષ્યશૃંગ ભયભીત હતો એટલે એ બહાર ન નીકળ્યો. એટલે શાંતાએ પોતાનું અમોઘ શસ્ત્ર અજમાવ્યું : પોતાના સુંદર શરીર પરનાં વસ્ત્રો એક પછી એક દૂર કર્યાં. એ જોઈને ઋષ્યશૃંગના મનમાં આશ્ચર્ય અને એકાકીપણું અને કામેચ્છાના એવા ભાવ જાગ્યા જેનાથી એ અદ્યપર્યંત અપરિચિત હતો.

જ્યારે ઋષ્યશૃંગે પિતાને આ નવતર માનવપ્રાણી વિશે વાત કરી ત્યારે વિભંડકે એને ચેતવ્યો : 'એ રાક્ષસી તને દાસ બનાવવા આવી છે, એનાથી દૂર જ રહેજે.'

પણ કઠોર પ્રયાસ કરવા છતાં એ સ્ત્રીના વિચારોએ ઋષ્યશૃંગના મન પર આધિપત્ય જમાવી દીધું. દિવસો સુધી યાતના ભોગવ્યા પછી છેવટે એનો સંયમ તૂટ્યો. એક વાર પિતા બહાર ગયા હતા ત્યારે એણે આશ્રમની સીમાનું ઉલ્લંઘન કરવાનું સાહસ કર્યું અને શાંતાને પોતાની જાત સમર્પિત કરી દીધી. વિજયી શાંતાએ ઋષ્યશૃંગનો હાથ પકડીને અંગદેશમાં પ્રવેશ કર્યો.

- આપણે લક્ષ્મણરેખાથી સુપેરે પરિચિત છીએ, પણ વિભંડકરેખા વિશે બહુ લખાયું નથી. લક્ષ્મણની રેખા એક સ્ત્રીના ચારિત્ર્યના રક્ષણ માટે દોરવામાં આવી હતી, જ્યારે વિભંડકની રેખા એક પુરુષના બ્રહ્મચર્યની રક્ષા માટે. લક્ષ્મણરેખા સામાજિક ગરિમાની રક્ષા કાજે બની હતી, જ્યારે વિભંડકની રેખા સમાજના અસ્તિત્વને જ ધ્વસ્ત કરે એવો ભય હતો.
- સંન્યાસીના જીવન અને એક ગૃહસ્થના જીવન વચ્ચેનું ઘર્ષણ આ પ્રસંગ દ્વારા વ્યક્ત થાય છે. સંન્યાસી સંતતિ ઉત્પન્ન કરવાની અને વૃષ્ટિ થવાની વિરુદ્ધમાં છે અને શારીરિક સંબંધો તથા લગ્ન આ સમસ્યાના ઉકેલ છે.
- કોઈ સુંદર કન્યાના મોહમાં કોઈ તપસ્વીનો તપોભંગ થાય એવા પ્રસંગો આપણા પુરાણોમાં વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. તપસ્વી એટલે અગ્નિનો સાધક અને અપ્સરા એટલે જળકન્યા.
- સ્ત્રી ફળદ્રુપતાની દ્યોતક છે અને એટલે જ એને તપ અને સિદ્ધિના માર્ગમાં બાધા સર્જનાર તરીકે વગોવવામાં આવી છે, કારણ કે બ્રહ્મચર્ય તપનું અભિન્ન અંગ ગણાય છે.
- જે હિંદુ મંદિરોમાં મૈથુનમાં મગ્ન યુગલોનાં શિલ્પ ન હોય એ અપૂર્ણ હોય એવું લાગે છે. ભગવાન અને ભક્ત બંને માટે લગ્ન આવશ્યક છે. દૈવી શક્તિઓ પ્રાપ્ત કરવા માટે જે લોકો બ્રહ્મચર્યનો માર્ગ અપનાવતા એમને શરૂઆતમાં શંકાની દૃષ્ટિએ જોવામાં આવતા, પણ સમય જતાં, બૌદ્ધ અને જૈન ધર્મોની અસર હેઠળ સંન્યાસ અને બ્રહ્મચર્યને અધ્યાત્મના માર્ગ તરીકે સ્વીકૃતિ મળી. આપણા વેદાંતાચાર્યો અને કૅથલિક ક્રિશ્ચ્યાનિટીએ તથા વિક્ટોરિયન કાળની અસરે પણ બ્રહ્મચર્યનું મહત્ત્વ વધારવાનું કામ કર્યું.
- નલિની જાતક અને અલંબુષ જાતક જેવી બૌદ્ધ જાતક કથાઓમાં પણ ઋષ્યશૃંગની વાતનો ઉલ્લેખ મળી આવે છે. સંન્યાસીઓ માટે બ્રહ્મચર્યનો મહિમા છે, જ્યારે સમાજની ગતિ ચાલુ રહે તે માટે સંતતિ ઉત્પન્ન

કરવી જરૂરી છે અને આ બંને વચ્ચેનો સંઘર્ષ આ કથામાં વ્યક્ત થાય છે. બૌદ્ધ પરંપરા મુજબ વિભંડક બુદ્ધનો પૂર્વ અવતાર એટલે કે બોધિસત્ત્વ હતા, જ્યારે શાંતા એટલે નલિની. 'મહાવસ્તુ' નામે ગ્રંથમાં ઋષ્યશૃંગનો ઉલ્લેખ એકશૃંગ નામના બોધિસત્ત્વ તરીકે કરવામાં આવ્યો છે, જ્યારે નલિની એ બુદ્ધની પત્ની યશોધરાનો પૂર્વાવતાર છે.

- બૌદ્ધધર્મના ઉદય પહેલાં સંન્યાસી નગરની બહાર વનમાં જ રહેતો. સંન્યાસી જીવનને નગરની વચ્ચે લઈ આવવાનું કાર્ય બુદ્ધે કર્યું, જેનાથી ગૃહસ્થ જીવન અને સંન્યાસીઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું. બૌદ્ધ મંદિરોમાં ફળદ્રુપ વૃક્ષો, ફૂલોથી લદાયેલી લતાઓ, જાડાપાડા ગૃહસ્થો અને આભૂષણોથી સજ્જ સ્ત્રીઓનાં શિલ્પો જોવા મળે છે, જે ગૃહસ્થ જીવન અને સંન્યાસી જીવન વચ્ચેના સંઘર્ષનું સમાધાન દર્શાવે છે.
- ઋષ્યશૃંગને કર્ણાટકના શૃંગેરી સાથે સાંકળવામાં આવે છે.
- હિંદુધર્મનાં બે મહાકાવ્યો – રામાયણ અને મહાભારત – નાં અંતિમ સંસ્કરણ બૌદ્ધ ધર્મના ઉદય પછીના સૈકાઓમાં રચાયાં. બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમ પૂર્વાશ્રમમાં એક રાજકુમાર હતા અને પછી પત્ની અને પુત્રનો ત્યાગ કરીને સંન્યાસના માર્ગે ચાલ્યા હતા. બીજી બાજુ રામાયણ અને મહાભારત ગૃહસ્થજીવનનો મહિમા ગાય છે. એ કહે છે કે સંન્યાસ લીધા વગર, એક ગૃહસ્થ પણ સાધુ જેવું જીવન જીવી શકે છે, એ માટે સંસારનો ત્યાગ કરવાની જરૂર નથી. ગૃહસ્થ અને સંન્યાસી જીવન વચ્ચેનો આ સંઘર્ષ આપણાં શાસ્ત્રો શિવ અને વિષ્ણુનાં પ્રતીક દ્વારા વર્ણવે છે.

## દશરથના પુત્રોનો જન્મ

અને વરસાદ મન મૂકીને વરસ્યો. ફૂલો ખીલી ઊઠ્યાં. પ્રાણીઓ પણ મિલન માટે ઘેલાં બની ગયાં. અંગદેશમાં ખુશાલી વ્યાપી ગઈ. પોતાના વચન પ્રમાણે રોમપાદે ઋષ્યશૃંગને દશરથ માટે પુત્રપ્રાપ્તિ માટેનો યજ્ઞ કરવા મનાવી લીધો.

દશરથ યજમાન હતા. ઋષ્યશૃંગે વેદી તૈયાર કરી, અગ્નિ પ્રગટાવ્યો અને શક્તિશાળી મંત્રો ભણવાનું શરૂ કર્યું. દેવતાઓને પ્રસન્ન કરવા માટે દશરથે યજ્ઞના અગ્નિમાં ઘી અને બીજાં હવિષની આહુતિ આપવા માંડી. ઘી હોમતી વખતે દશરથ મોટેથી 'સ્વાહા' એમ બોલતા હતા, જેથી દેવતાઓને ધ્યાનમાં રહે કે યજમાન કોણ છે. દેવતાઓ સંતોષના ઓડકાર ખાવા લાગ્યા ત્યારે ઋષ્યશૃંગે એમને દશરથની ઇચ્છા પૂર્ણ કરવા વિનંતી કરી. જ્યાં સુધી પ્રસન્ન થઈને દેવોએ દશરથને પ્રસાદ ન આપ્યો ત્યાં સુધી મંત્રોચ્ચાર, આહુતિ અને દેવો પાસે વરદાન માગવાનું ચાલુ જ રહ્યું. એ પ્રસાદ આરોગવાથી દશરથની રાણીઓને પુત્ર પ્રાપ્ત થશે એવું દેવતાઓએ વરદાન આપ્યું.

દશરથ કૌશલ્યાનું સન્માન કરતા હતા એટલે અડધો પ્રસાદ એમને આપ્યો અને કૈકેયીને પ્રેમ કરતા હતા

એટલે બાકીનો અડધો પ્રસાદ એને આપ્યો. કૌશલ્યા અને કૈકેયી બંનેએ પોતપોતાના ભાગમાંથી ચોથો ભાગ સુમિત્રાને આપ્યો. સમય જતાં કૌશલ્યાને ખોળે રામ જન્મ્યા, કૈકેયીને ભરત અને સુમિત્રાને લક્ષ્મણ અને શત્રુઘ્ન નામના પુત્રો પ્રાપ્ત થયા.

આમ, દશરથને ચાર પુત્રોની પ્રાપ્તિ થઈ, એમાં પુત્રી શાંતા નિમિત્ત હતી.



- ચૈત્ર સુદ નોમના દિવસે રામનવમીની એટલે કે રામના જન્મની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે રામની મૂર્તિ અથવા તો એમનાં ચિત્રને હિંડોળામાં હીંચોળવામાં આવે છે. રામ એક આદર્શ પુત્ર હતા. આજે પણ દરેક માતા પોતાનો પુત્ર રામ જેવો થાય એવું ઇચ્છે છે.
- જ્યોતિષશાસ્ત્રની ગણતરી મુજબ રામનો જન્મ ૧૦ જાન્યુઆરી, ૫૧૧૪ (BCE) એટલે કે આજથી લગભગ સાત હજાર વર્ષ પહેલાં થયો હતો.
- ગંગા નદીની આસપાસનાં ગામડાંના લોકો કહે છે કે રામનો જન્મ સૂર્યાસ્ત પછી થયો હતો અને રામનું મુખ એટલું દેદીપ્યમાન હતું કે ત્યાં કૃત્રિમ પ્રકાશની જરૂર જ નહોતી. પોતાને નિઃસંતાન હોવાનાં મહેણાંથી બચાવવા માટે દશરથ રામનો આભાર માને છે એ વર્ણવતાં ગીતો પણ પ્રચલિત છે. રામના જન્મથી પ્રસન્ન થયેલાં કૌશલ્યા જે મંત્રો અને પ્રાર્થના કરતાં એનાં પણ ગીતો પ્રચલિત છે.
- વાલ્મીકિ રામાયણમાં ઋષ્યશૃંગનો ઉલ્લેખ દશરથના જમાઈ તરીકે નથી. પાછળનાં સંસ્કરણોમાં એ

રાજાનો જમાઈ હતો એ વાત ઉમેરવામાં આવેલી જણાય છે, જેથી ઋષ્યશૃંગનું કામ માત્ર રાણીઓને ગર્ભવતી કરવાનું જ હતું એવા આરોપનું ખંડન કરી શકાય. મહાભારતમાં આ વ્યવસ્થાનો વિગતવાર ઉલ્લેખ છે.



- જ્યારે યુરોપિયન અભ્યાસુઓ વૈદિક સાહિત્યના સંપર્કમાં આવ્યા ત્યારે તેમણે યજ્ઞ વિશે વાંચ્યું. એમણે પોતાની સમજ પ્રમાણે યજ્ઞ માટે ફાયર સૅક્રિફાઇસ (અગ્નિને અપાતો ભોગ) શબ્દપ્રયોગ કર્યો, પણ ભોગ આપવાની ક્રિયામાં વ્યક્તિ પોતાની કોઈ વસ્તુનો દેવતાઓને બલિ ચઢાવે છે, જ્યારે યજ્ઞમાં તો યજમાન કશુંક મેળવવા માટે કશાકની આહુતિ આપે છે, એટલે આ ક્રિયા એક વિનિમય માત્ર છે અને અગ્નિ એક પુરોહિતની જેમ આ વિનિમયના માધ્યમનું, વચેટિયાનું કામ કરે છે.
- કૌશલ્યા અને કૈકેયી પોતાના પ્રસાદમાંથી સુમિત્રાને પણ ભાગ આપે છે એ વાત મહાભારતની સરખામણીમાં જુદી પડે છે. મહાભારતની રાણીઓ – કુંતી, માદ્રી અને ગાંધારી વચ્ચે પુત્રપ્રાપ્તિની સ્પર્ધા હોય એવું લાગે છે, જ્યારે રામાયણમાં ત્રણે રાણીઓ એકબીજાની હરીફની જેમ નહીં પણ સંપીને રહેતી હોય એમ લાગે છે.
- ‘આનંદ રામાયણ’માં એમ કહેવાયું છે કે કૌશલ્યાના હાથમાંથી થોડો પ્રસાદ પડી ગયો જે એક કાગડાએ અંજનીના ખોળામાં નાખ્યો અને એ ખાવાથી હનુમાનનો જન્મ થયો. બીજી એક વાર્તા પ્રમાણે કૌશલ્યાના પ્રસાદનો ભાગ કાગડાએ કૈકેકસીના ખોળામાં નાખ્યો અને એ રીતે વિભીષણનો જન્મ થયો હતો.
- અયોધ્યાને રામની જન્મભૂમિ માનવામાં આવે છે અને રામના જન્મસ્થાનનાં દર્શન કરવા સેંકડો વર્ષોથી શ્રદ્ધાળુઓ અયોધ્યા જાય છે, પણ રામનો જન્મ હકીકતમાં ક્યાં થયો હતો એ વિવાદાસ્પદ છે અને એ વાત રાજકીય સંઘર્ષનું કારણ પણ બની છે. બ્રિટિશ રાજના સમયથી હિન્દુઓને પોતાનો દાવો પાશ્ચાત્ય લોકોને ગળે ઊતરે એવા સ્વરૂપમાં રજૂ કરવાની જરૂર જણાઈ છે, જે ખ્રિસ્તી, ઇસ્લામ અને યહૂદી ધર્મની પરિકલ્પનાઓ સાથે સુસંગત હોય અને એ જ કારણે જે સમયનાં બંધનોથી પર અને સર્વવ્યાપી છે એવા અસ્તિત્વને સ્થળ અને કાળની સાંકળોથી બાંધવું પડ્યું છે. જે ક્યારેક શ્રદ્ધાનો વિષય હતો એ હવે અદાલતોના ઉંબરે પહોંચી ગયો છે. બધા પોતાનો કક્કો ખરો કરવાની વેતરણમાં છે, કારણ કે આજના જમાનામાં જતું કરવું કે પ્રેમની ભાષા બોલવી એ નબળાઈમાં ખપી જાય છે. એ ઉપરાંત ભ્રષ્ટાચારનો આરોપ લાગે તે નફામાં!
- વાલ્મીકિ રામાયણમાં અશ્વમેધ યજ્ઞનો ઉલ્લેખ છે, જેમાં યજ્ઞને અંતે ઋષ્યશૃંગ ઘોડાનો બલિ ચઢાવે છે. અન્ય વૈદિક સાહિત્યમાં પણ આનો ઉલ્લેખ મળે છે, પણ પછીથી લખાયેલા ગ્રંથોમાં એ નથી.
- જૈન રામાયણમાં રામનો ઉલ્લેખ ‘પદ્મ’ (પ્રાકૃતમાં ‘પઉમ’) તરીકે કરવામાં આવ્યો છે.